Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## –: પરિપત્ર : –

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ / સંસ્થાના પ્રમુખશ્રીઓને જણાવવાનું કે, સિન્ડિકેટની તા.૨૪–૦૬–૨૦૨૧ની સભામાં ઠરાવ્યાનુસાર કોલેજના જોડાણ અંગે સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સૂચવેલ શરતોની પૂર્તતા નિયત સમય મર્યાદામાં ન થવાના કિસ્સામાં, યુનિવર્સિટી દ્વારા માંગવામાં આવેલ માહિતી નિયત સમય મર્યાદામાં ન આપવામાં આવે તે કિસ્સામાં, કોલેજ દ્વારા Internal / Practical Marks uplod કરવાના બાકી હોય તેવા સંજોગોમાં, પરિણામ જાહેર કરતી વખતે કોઈ કોલેજ માંથી મૂલ્યાંકન સમયસર પૂર્ણ ન થવાથી, વિદ્યાર્થીઓના Internal Marks અને વિદ્યાર્થીએ આપેલ યુનિવર્સિટી પરીક્ષાના વિષયોમાં વિસંગતતા હોવાના કિસ્સામાં સંબંધિત જે તે કોલેજના વિદ્યાર્થીઓનું પરિણામ અટકાવી D.L.O (to be declared later on) માં રાખવા, D.L.O ની સંખ્યાને ધ્યાનમાં રાખી જે તે કોલેજની જોડાણ ફી બે ગણી વસૂલવા, જે તે જવાબદાર કોલેજ / સંસ્થા / વ્યકિતને યુનિવર્સિટીના તમામ અધિકાર મંડળ અને સમિતિનું સભ્યપદ સ્થગિત રાખવા અંગે માન.કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે, તદ્અનુસાર માન.કુલપતિશ્રી દ્વારા સંજોગો અનુસાર, સમયઅવધિ સહિત સદર બાબતે યોગ્ય નિર્ણય / કાર્યવાહી કરવામાં આવશે. આવી તમામ કોલેજ / સંસ્થા / વ્યકિતની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ પર જાણ માટે મૂકવામાં આવશે. જેથી આવી બાબતે ઉભી થનાર પરિસ્થિતિની તમામ જવાબદારી જે તે કોલેજ / સંસ્થા / વ્યકિતની રહેશે. જેની નોંધ લેવી.

ક્રમાંક : એસ–પરીક્ષા/પરિપત્ર/૯૦૫૪/૨૦૨૧.
તા. ૨૯–૦૬–૨૦૨૧.

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
**યુનિવર્સિટી તમામ કોલેજોના આચાર્યશ્રી / સંસ્થાના પ્રમુખશ્રી**
**જાણ તથા અમલ થવા સારૂ...**

નકલ રવાના :
(૧) ઈ.ચા.મુખ્ય હિસાબી અધિકારીશ્રી,
(૨) પરીક્ષા નિયામકશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત .. જાણ તથા ઘટતું કરવા સારું...